રાજ્યમાં ૨૪ કલાકમાં ૧૦૬૭ કેસ, ૧૩ના મૃત્યુ

રાજ્યમાં હાલમાં ૧૪૬૮૬ એક્ટિવ કેસ : છેલ્લા ૨૪ કલાકમાં અમદાવાદ કોર્પોરેશનમાં ૧૫૧ અને અમદાવાદમાં ૧૪ કેસ નોંધાયા : કુલ મૃત્યુઆંક ૨૯૧૦

ગાંધીનગર,તા.૨૪

રાજ્યમાં ૨૪ કલાકમાં ૬૩૦૬૫ ટેસ્ટ કરોનાના કરવામાં આવતા ૧૦૬૭ પોઝિટિવ કેસ નોંધાયા હતા. આ સાથે કુલ સંક્રમિતનો આંકડો ૮૭ હજારને પાર થઈ ૮૭૮૪૬ થયો છે. રાજ્યમાં આજે ૧૦૨૧ દર્દી ડિસ્ચાર્જ કરાયા હતા. કુલ ડિસ્ચાર્જનો આંકડો ૭૦ હજારને પાર થઈ ૭૦૨૫૦ થયો છે. રાજ્યમાં આજની સ્થિતિએ ૧૪૬૮૬ એક્ટિવ કેસ છે. જેમાં ૭૫ વેન્ટીલેટર અને ૧૪૬૧૧ સ્ટેબલ છે. રાજ્યમાં બે દિવસથી સાર્વત્રિક વરસાદ નોંધાવાની સાથો સાથ કોરોનાનો કહેર ઓછઓ થતો નથી. રાજ્યમાં અત્યાર સુધીમાં ૧૮,૧૯,૧૯૮ ટેસ્ટ કોરોનાના કરવામાં આવ્યા છે. રાજ્યમાં આજની સ્થિતિએ ૪૭૩૪૬૬ વ્યક્તિઓને ક્વોરોન્ટાઈન કરાયા છે. જે પૈકી ૪૭૨૯૫૧ વ્યક્તિઓ હોમ ક્વોરોન્ટાઈન અને ૫૧૫ ફેસીલીટી ક્વોરોન્ટાઈન કરાયા છે.

આરોગ્ય વિભાગની યાદી મુજબ કોવિડ-૧૯ના લીધે ૧૩ મોત થયા છે. જેમાં અમદાવાદ કોર્પોરેશનમાં ૨, વડોદરા કોર્પોરેશનમાં ૨ અને ભાવનગર કોર્પોરેશનમાં ૧ મોત કોરોનાને લીધે થયા છે. અમદાવાદ શહેરમાં ૧૫૧ અને જિલ્લામાં ૧૪ સાથે ૧૬૫ કેસ નોંધાયા છે. આ સાથે કુલ સંક્રમિતનો આંકડો ૩૦૩૬૫ થયો છે. આજે વધુ ૩ મોત સાથે કુલ મૃત્યુઆંક ૧૬૮૮ થયો છે. સુરત શહેરમાં ૧૫૯ અને જિલ્લામાં ૭૦ સાથે ૨૨૯ કેસ કોરોનાના નોંધાયા છે. આ સાથે કુલ સંક્રમિતનો આંકડો સુરતમાં ૧૮૬૫૦ થયો છે. આજે વધુ ૫ મોત નોંધાતા મૃત્યુઆંક ૬૦૦ને પાર થઈ ૬૦૨ થયો છે. વડોદરા શહેરમાં ૮૮ અને જિલ્લામાં ૩૨ સાથે ૧૨૦ કેસ કોરોનાના નોંધાયા છે. આ સાથે કુલ સંક્રમિતનો આંકડો ૭૩૧૬ થયો છે. આજે વધુ ૨ મોત સાથે ૧૨૧ મોત થયા છે. રાજકોટ શહેરમાં ૬૭ અને જિલ્લામાં ૩૧ સાથે ૯૮ કેસ કોરોનાના નોંધાયા છે. આ સાથે કુલ સંક્રમિતનો આંકડો ૪ હજારને પાર થઈ ૪૦૪૯ થયો છે. આજે વધુ ૨ મોત નોંધાતા કુલ મૃત્યુઆંક ૭૭ થયો છે.

મોડાસાના મુલોજ ગામે ચેકડેમ પરથી પસાર થતા યુવકનો પગ લપસતાં પાણીમાં ગરકાવ

૧૮ કલાક તંત્રની ભારે જહેમત બાદ યુવકનો મૃતદેહ મળ્યો

મોડાસા, તા. ૨૪

અરવલ્લી જીલ્લામાં ચોમાસાની ઋતુમાં પાણીમાં ડૂબી જવાની ઘટનાઓ દર વર્ષે બનતી હોય છે. સતત ત્રણ દિવસથી

જીલ્લામાં સાર્વત્રિક ધોધમાર વરસાદ થતા નદી, નાળા, ચેકડેમ છલકાઈ ગયા છે. જીલ્લા પોલીસવડા સંજય ખરાતે કોઈ દુર્ઘટના ન સર્જાય તે માટે પોલીસ વાહનોને અને જુદી જુદી પોલીસ ટીમોને નદી અને મોટા નાળાઓના નિચાણના રસ્તાઓ અને પાણી પસાર થતું હોય તેવા રસ્તાઓ પર બંદોબસ્ત પોઈન્ટ ફાળવવામાં આવ્યા હતા અને પોલીસે તેવા તમામ રસ્તાઓ પરથી વાહનચાલકો અને રાહદારીઓને સમજાવટ કરીને અટકાવવા માટેનો પ્રયાસ કર્યો હતો. સ્થાનિક સરપંચ અને તંત્રના અધિકારીઓ અને ફાયર તેમજ તરવૈયાઓની સાથે પણ સંકલન કરી લેવાનું આયોજન કરવામાં આવ્યુ હતુ. 'સુરક્ષા સો ટકા, જાનહાની ઝીરો ટકા'ના સુત્રને પોલીસે અમલમાં મુક્યુ હતુ જે

મહદંશે સફળ રહ્યું હતું. મોડાસા તાલુકાના મુલોજ ગામ નજીક બનાવેલ ચેકડેમ પરથી પસાર થતા ૪૦ વર્ષીય યુવકનો પગ લપસી જતા પાણીમાં ડૂબી જતા મોત નિપજતા પરિવારજનો અને ગામલોકોમાં શોકનું મોજું ફરી વળ્યું હતું. રવિવારે સાંજના સુમારે મુલોજ ગામનો રમેશ મથુરભાઈ ખાંટ (ઉ.વર્ષ-૪૦) નામનો યુવક ઘરેથી કામકાજ અર્થે નીકળ્યો હતો. મુલોજ ગામ નજીક બનાવેલ ચેકડેમ પરની દીવાલ પરથી પસાર થતા પગ લપસતાં પાણીમાં ગરકાવ થઈ જતા આજુબાજુ થી લોકો દોડી આવ્યા હતા. યુવક ચેકડેમ ડૂબી જવાની ઘટનાના પગલે મામલતદાર અરુણ ગઢવી, ટીડીઓ અને પોલીસ ઘટનાસ્થળે પહોંચી હતી. જીલ્લા પંચાયત સદસ્ય રેવાભાઈ ભાંભી અને સ્થાનિક અગ્રણીઓ દોડી ગયા હતા. તંત્રએ સ્થાનિક તેમજ માલપુરના તરવૈયાઓની મદદથી યુવકનો મૃતદેહની શોધખોળ હાથ ધરી હતી. ચેકડેમમાં પાણીની અવાક વધુ હોવાથી તરવૈયાઓએ ભારે જહેમત બાદ યુવકનો મૃતદેહ મળી આવતા બહાર કાઢતા પરિવારજનોએ ભારે આક્રંદ કરી મુકતા વાતાવરણમાં ભારે ગમગીની છવાઈ હતી. મૃતકના મૃતદેહને પીએમ માટે ખસેડી પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. તંત્રએ યુવકનો મૃતદેહ મળી આવતા રાહતનો શ્વાસ લીધો હતો.

ઘરે ગણપતિ સ્થાપન - કોરોના મહામારીનું ગણેશ મહોત્સવને પણ ગ્રહણ લાગી ગયું છે જેથી સરકારની ગાઈડલાઈન મુજબ જાહેરને બદલે ભાવિકો દ્વારા ભાદરવા સુદ ચોથના રોજ ઘરે જ ભગવાન ગણેશની માટીની મૂર્તિની સ્થાપના કરવામાં આવી છે. ત્યારે ડીસાના રેલવે સ્ટેશન વિસ્તારમાં આવેલ વિશ્વકર્મા નગરમાં રહેતા પત્રકાર કાંતિભાઈ લોધાના ઘરે પણ ગણપતિજીની સ્થાપના કરવામાં આવી છે. જ્યાં આશિયા પરિવાર અને સોસાયટીના ભાવિક ભાઈ-બહેનો પૂજા અર્ચના કરી ધન્યતા અનુભવે છે. જેને લઈ ધાર્મિકતાનો માહોલ છવાયો છે.

રાજ્યમાં સિઝનનો ૧૦૦ ટકા જેટલો વરસાદ

૮ ટકા વરસાદ તો છેલ્લા ૨૪ કલાકમાં નોંધાયો : ઓગસ્ટ મહિનામાં જ સીઝનનો ૧૦૦ ટકા વરસાદ નોંધાયો હોય તેવું છેલ્લા ૧૦ વર્ષમાં પહેલીવાર બન્યું

ગાંધીનગર, તા.૨૪

સોમવાર સવાર સુધી ગુજરાતમાં સીઝનનો ૧૦૦ ટકા વરસાદ નોંધાઈ ચૂક્યો છે. જેમાં કુલ વરસાદનો ૮ ટકા એટલે કે ૬૭.૮ મીમી વરસાદ તો છેલ્લા ૨૪ કલાકમાં જ નોંધાયો છે. ઓગસ્ટ મહિનામાં જ રાજ્યમાં ૧૦૦ ટકા વરસાદ નોંધાયો હોય તેવું છેલ્લા ૧૦ વર્ષમાં પહેલીવાર બન્યું છે. જણાવી દઈએ કે, અમદાવાદ સહિત રાજ્યભરમાં હાલ વરસાદી માહોલ છે. હવામાન વિભાગ દ્વારા ભારેથી અતિભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. હવામાન વિભાગે મંગળવાર સવાર સુધી ઉત્તર, દક્ષિણ અને પૂર્વ-મધ્ય ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છ ક્ષેત્રના ઘણા જિલ્લાઓમાં ભારેથી અતિભારે વરસાદની આગાહી કરી છે. રીલિફ કમિશનર હર્ષદ પટેલે જણાવ્યું કે, રાજ્યમાં ભારે વરસાદને કારણે ૪૪ જેટલી નદીઓ અને ૪૧ તળાવો ભરાઈ ગયા હતા. સરદાર સરોવર ૬૦.૮૩ ટકા ભરેલો છે, જ્યારે ૬૮ ડેમો છલોછલ ભરાઈ ગયા છે. સરકારના જણાવ્યા અનુસાર, રાજ્યના ૨૦૫ ડેમમાંથી ૧૦૮ માટે હાઈએલર્ટ પર છે. શનિવારે રાતથી શરૂ થયેલો વરસાદ રવિવાર સાંજ સુધી યથાવત રહ્યો હતો. રવિવારે ભારે વરસાદ પડતા નદીઓ ઓવરફ્લો થઈ ગઈ હતી. જેના કારણે ૧૦થી વધુ ડેમો હાઈએલર્ટ પર છે. રવિવારે ગુજરાતના અનેક વિસ્તારોમાં મુશળધાર વરસાદ પડતા જળબંબાકારની સ્થિતિ સર્જાઈ હતી અને જનજીવન પણ ખોરવાઈ ગયું હતું. નદીઓમાં પૂર આવતા અનેક વિસ્તારોમાં પાણી ઘૂસી આવ્યા હતા. વરસાદના આંકડા પર નજર કરીએ તો અમદાવાદમાં રવિવારે સવારે ૬ વાગ્યાથી રાત્રે ૧૦ વાગ્યા સુધીમાં ૪૦ મીમી વરસાદ નોંધાયો હતો. જેમાં સૌથી વધુ વરસાદ રાણીપમાં તો સૌથી ઓછો ૨૯ મીમી વરસાદ વટવામાં નોંધાયો હતો. અત્યાર સુધી અમદાવાદમાં સીઝનનો કુલ ૬૭૯ મીમી એટલે કે જે ૩૦.૨૮ ઈંચ વરસાદ નોંધાયો છે. એએમસીને રવિવારે શહેરમાં ૧૪ સ્થળોએ પાણી ભરાવાની જ્યારે ૯ સ્થળો પર વૃક્ષો ધરાશાયી થયા હોવાની ફરિયાદો મળી હતી.

અરવલ્લી જિલ્લાની એકમાત્ર અને નવીન ન્યૂઝ ચેનલ ન્યુઝ અરવલ્લી સત્ય સર્વત્રના ઉદ્ઘાટન પ્રસંગે જિલ્લાના સાંસદ દિપસિંહ જિલ્લાના ત્રણેય ધારાસભ્યોમા રાજેન્દ્રસિંહ ઠાકોર, જશુભાઈ પટેલ અને ડો. અનિલ જોશીઆરા અને તેમની સાથે જિલ્લા કોંગ્રેસ સમિતિના અધ્યક્ષ કમલેન્દ્રસિંહ પુવાર જિલ્લાના તમામ પત્રકાર મિત્રો જિલ્લાના અગ્રગણ્ય નાગરિકો મહેમાનો અને ન્યુઝ અરવલ્લીના ટીમ આમંત્રિત મહેમાનોની હાજરીમાં સાંસદના હસ્તે આ સોશીયલ મીડિયા ચેનલની ઓફિસનું અને તેના સમાચારના વિડીયોનું લોકાર્પણ કરવામાં આવ્યું, જેમાં ખૂબ મોટી સંખ્યામાં લોકોએ ભાગ પણ લીધો અને ખુબ શુભેચ્છાઓ પાઠવી હતી.

અરવલ્લી જિલ્લામાં ગુજકેટની પરીક્ષામાં ૨૦૨૦ વિદ્યાર્થીઓમાંથી ૧૮૮૯ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી

મોડાસા, તા. ૨૪

અરવલ્લી જિલ્લામાં ગુજકેટ પરીક્ષાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મોડાસાની ૯ શાળામાં

૧૨૦ બ્લોકમાં વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી. જિલ્લા શિક્ષણ કચેરી દ્વારા ગુજકેટની પરીક્ષા પહેલા તમામ પરીક્ષા કેન્દ્રો સેનાટાઈઝ કરવામાં આવ્યા હતા. ત્યારબાદ સોમવારે યોજાયેલી પરીક્ષામાં વિદ્યાર્થીઓને થર્મલ સ્કિનિંગ બાદ પરીક્ષા કેન્દ્રમાં પ્રવેશ આપવામાં આવ્યો હતો. તમામ વિદ્યાર્થીઓ માટે માસ્ક ફરજીયાત કરવામાં આવ્યુ હતુ એટલુ જ નહી જે વિદ્યાર્થીઓ પાસે માસ્ક ન હતા તેમને જિલ્લા શિક્ષણ કચેરી દ્વારા માસ્ક પુરા પાડવામાં આવ્યા હતા. કોરોના વાયરસની મહામારીને ધ્યાનમાં રાખીને તમામ પરીક્ષા કેન્દ્રો પર આરોગ્ય વિભાગની ટીમ તૈનાત કરવામાં આવી હતી. એક બેંચ પર એક જ બેઠકની વ્યવસ્થા કરવામાં આવી હતી.

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ ગાંધીનગર દ્વારા યોજાયેલ ગુજરાત કોમન એન્ટ્રેન્સ ટેસ્ટ ૨૦૨૦માં કુલ ૧૮૮૯ વિદ્યાર્થીઓ નોંધાયા હતા. ગુજકેટની પરીક્ષાને ધ્યાનમાં રાખીને તમામ પરીક્ષા કેન્દ્રો પર પોલીસના જવાનો તેમજ શિક્ષણ વિભાગની ટીમ તૈનાત કરવામાં આવી હતી.

ખેડબ્રહ્મા પોલીસે ૩૨૯૨૮ના દારૂ સાથે એક આરોપી પકડાયો

ખેડબ્રહ્મા, તા. ૨૪

ખેડબ્રહ્મા પોલીસ પેટ્રોલિંગમાં હતી ત્યારે બાતમી મળી હતી કે રાજસ્થાનથી એક કાર દારૂ ભરી મટોડા, ગુંદેલ થઈ મહેસાણા તરફ જવાની છે જેથી પોલીસે ગુંદેલ, ગઢડા શામળાજી રોડ ઉપર નાકાબાંધી કરી હતી. ત્યારે કંથાપુરા તરફથી બાતમીવાળી સ્વીફ્ટ ડિઝાયર કાર ન. જી.જે.૨૯.વી.૮૪૩૬ આવતા તેને ઉભી રાખવા જતા કાર ઊંચીધનાલ તરફ ભાગવા જતા રોડ સાઈડમાં ઉતારી પડી હતી જેમાથી ત્રણ ઈસમોમાંથી બે ભાગી ગયા હતા જ્યારે હિતેશભાઈ જયંતીભાઈ ચૌધરી, રહે. તાવડીયા, મહેસાણા પકડાઈ ગયો હતો. ગાડીની તપાસ કરતા ડીકીમાંથી વિદેશી દારૂની ૧૬૮ બોટલ કિંમત રૂ. ૩૨૯૨૮ મળી આવેલ જે અંગે પાસ પરમીટ માગતા તેની પાસે ના હોઈ પોલીસે દારૂ ૩૨૯૨૮, મોબાઈલ ૨૫૦૦ અને કાર ૩ લાખ માલી કુલ ૩૩૫૪૨૮નો મુદ્દામાલ કબ્જે કરી કાર્યવાહી હાથ ધરી હતી.

ભિલોડા તાલુકાની મઉં છાપરા દૂધ મંડળીમાં સાબરડેરીના ડિરેકટર અને અધિકારીઓના વરદ્હસ્તે વૃક્ષારોપણ

ભિલોડા, તા. ૨૪

અરવલ્લી જીલ્લાના

ભિલોડા તાલુકાની મઉં છાપરા દૂધ ઉત્પાદક મંડળી લી.ના સભાસદો તેમજ સાબર ડેરીના ડિરેકટર જેશીંગભાઈ પટેલ, સાબર ડેરીના એમ.પી.ઓ. વિભાગના શામળાજી શિતકેન્દ્ર એમ.પી.ઓ. વિભાગના ઈન્ચાર્જ જશુભાઈ પટેલ, સુપરવાઈઝર રમેશભાઈ કે. પટેલ, મઉં છાપરા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી. ચેરમેન તરાર સોમાભાઈ, સેક્રેટરી જગદીશભાઈ અને વ્યવસ્થાપક કમિટીના સભ્યો અને પ્રાથમિક શાળાના શિક્ષકોની ઉપસ્થિતિમાં પ્રાથમિક શાળાના મેદાનમાં આર્યુવેદીક ઔષધીય તેમજ ફળાઉ અને અલગ અલગ વૃક્ષો અરડુસી - તુલસી - આમળા - સીતાફળી - સેવન જેવા અનેકવિધ વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યું તેમજ દરેક સભાસદોને આંબા - જામફળી - લીંબુના છોડવા આપી ફરજીયાત વૃક્ષારોપણ કરવું તેમ જણાવ્યું હતું.

શહેરમાં મેઘમહેર

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

અસરકારક પગલા લેવાની અનિવાર્યતા છે. જયારે વરસાદી પાણીના ભરાવા વચ્ચે સેકટરોમાં ઠેર ઠેર અસ્તિત્વમાં આવેલા ગાબડા પણ સ્થાનિકો માટે જોખમી સ્થિતિનુ કારણ બન્યા છે. શહેરમાં નિખરેલા વરસાદી નઝારા વચ્ચે હરિયાળીને તાજગી મળી છે. બીજીતરફ વૃક્ષો ધરાશાયી થવાના કિસ્સાઓ પણ વધુ જોવા મળે છે. માર્ગ પર આડશ બનતા વૃક્ષો નાગરિકો માટે અવરોધનુ કારણ બને છે. જયારે સતત વરસતા વરસાદી પાણીના લીધે નગરના મુખ્ય તેમજ સેકટરોના આંતરિક માર્ગોનુ પણ ધોવાણ થયુ છે. જયારે વાતાવરણમાં પણ ઠંડક પ્રવર્તી છે. પરંતુ વરસાદના લીધે સેકટરોમાં દુવિધાઓનો ઢગ ખડકાયા છે. શહેરમાં સિઝનનો અંદાજિત ૩૦ ઈંચ જેટલો વરસાદ નોંધાયો છે. જયારે હજુ પણ બે દિવસ ભારેથી અતિભારે વરસાદની આગાહી હોવાનુ હવામાન તજજ્ઞો જણાંવી રહ્યા છે.

કોરોનાના કેસ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આ ગૃહીણીના પરિવારના ૪ સભ્યોને હોમ ક્વોરોન્ટાઈન કર્યા છે.

સે. ૨૬ માંથી એક ૫૫ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પણ પોઝીટીવ આવ્યો છે. આ ગૃહીણીને સારવાર માટે એસ.એમ.વી.એસ. હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે. તંત્રએ આ ગૃહીણીના પરિવારના ૪ સભ્યોને હોમ ક્વોરોન્ટાઈન કર્યા છે.

ત્રીજો કેસ પણ ગૃહીણીનો જ તંત્રને મળ્યો છે. જેમાં ૩૨ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ ગૃહીણીને પણ સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે. આ ગૃહીણીના પરિવારના ૬ સભ્યોને તંત્રએ હોમ ક્વોરોન્ટાઈન કર્યા છે.

સે. ૨૫ માંથી પણ એક ૬૦ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ ગૃહીણીને પણ સારવાર માટે સિવિલના દાખલ કરેલ છે. તંત્રએ ગૃહીણીના પરિવારના એક સભ્યને હોમ ક્વોરોન્ટાઈન કર્યા છે.

સે. ૧૪ માંથી એક ૪૬ વર્ષીય શ્રમિકનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ શ્રમિકને સારવાર માટે ગાંધીનગર સિવિલમાં દાખલ કરીને તંત્રએ તેના પરિવારના ૩ સભ્યોને ક્વોરોન્ટાઈન કર્યા છે.

સે. ૧૫ માંથી એક નિવૃત્ત કર્મયોગીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ દર્દીને સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. તંત્રએ નિવૃત્ત કર્મયોગીના પરિવારના ૪ સભ્યોને હોમ ક્વોરોન્ટાઈન કર્યા છે.

સે. ૨૮ માંથી માર્કેટીંગ બિઝનેશ કરતા એક ૪૬ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ દર્દીને સારવાર માટે આશ્કા હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે. તંત્રએ આ દર્દીના પરિવારના ૪ સભ્યોને હોમ ક્વોરોન્ટાઈન કર્યા છે.

શહેરના સે. ૪ માં જે રીતે કેસોની સંખ્યા વધી રી છે તેને લઈ પણ તંત્રની ચિંતામાં વધારો થયો છે. આ સેક્ટરમાં કોરોનાના કેસોની સંખ્યા ૧૨ ના આંકને પાર ગઈ છે. આ સેક્ટર-૪ માંથી આજે વધુ બે કેસ મળી આવતાં તંત્રએ આ સેક્ટરમાં સઘન સર્વેલન્સ કરવા માટેની કડક સૂચનાઓ આપી હોવાનું જાણવા મળેલ છે.

મળતી વિગતો પ્રમાણે પંચાયત વિભાગમાં ઉપસચિવ તરીકે ફરજો બજાવતા અને સે. ૪ માં રહેતા એક ૫૦ વર્ષીય અધિકારીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ અધિકારીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. તંત્રએ અધિકારીના પરિવારના ૪ સભ્યોને હોમ ક્વોરોન્ટાઈન કર્યા છે.

આ ઉપરાંત અમદાવાદ ખાનગી કંપનીમાં નોકરી કરતા એક ૩૫ વર્ષીય યુવાનનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ યુવાને પણ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. તંત્રએ યુવાનના પરિવારના પાંચ સભ્યોને હોમ ક્વોરોન્ટાઈન કર્યા છે.

૧૬ કેસ નોંધાયા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

વિસ્તારમાંથી ૪ કેસ મળી આવ્યા છે. જેમાં એક મહિલા દર્દીનો સમાવેશ થાય છે.

મળતી વિગતો પ્રમાણે માણસા અર્બનમાં ૪૫ વર્ષીય પુરૂષ, ૩૮ વર્ષીય યુવાન તેમજ ૪૫ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

આ ઉપરાંત એક ૪૦ વર્ષીય મહિલાનો રિપોર્ટ પણ પોઝીટીવ આવ્યો છે. તંત્રએ ચારેય દર્દીઓને હોસ્પિટલાઈઝડ કરવાની કામગીરી હાથ ધરી છે.

દરમ્યાન તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે કે આજે વધુ ૧૪ દર્દીઓ રિકવર થતાં તેમને હોસ્પિટલમાંથી ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. આ સાથે જિલ્લામાં અત્યાર સુધીમાં ૧૨૮૦ દર્દીઓ રિકવર થઈ ચુક્યા છે.

જિલ્લામાં આજે ૧૨૮ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે ૧૬,૧૮૪ લોકોને ક્વોરોન્ટાઈન હેઠળ રાખવામાં આવેલ છે.

પૂરક પરીક્ષા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પરીક્ષાની બેઠક વ્યવસ્થા કરવામાં આવી છે. જયારે ધો-૧૨ વિજ્ઞાન પ્રવાહમાં ૯૪૦ વિદ્યાર્થીઓ માટે ૫ પરીક્ષા કેન્દ્રો પર ૪૭ બ્લોકમાં બેઠક વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. જયારે પરીક્ષા દરમિયાન કોરોનાની મહામારીને ધ્યાને લઈને દરેક વિદ્યાર્થીઓનુ તાપમન ટેમ્પ્રેરેચર ગનથી માપવામાં આવશે. વિદ્યાર્થીઓએ માસ્ક ન પહેર્યુ હોય તેવા કિસ્સામાં બોર્ડ તરફથી માસ્ક આપવામાં આવશે. જયારે વિદ્યાર્થીઓને ટેમ્પ્રેચર વધારે આવશે તો અલગ રૂમમાં બેઠક વ્યવસ્થા ગોઠવાશે. જયારે જરૂર જણાંય તેવા કિસ્સામાં વિદ્યાર્થીનો કોવિડ ટેસ્ટ પણ કરવામાં આવશે.

પેટર્નમાં

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

વૃદ્ધિ જોવા મળી છે. ફેર રોપણીના શાકભાજીના પાકોમાં પણ આ વખતે વાવેતર સારૂ થયુ હોવાનું જણાઈ રહ્યું છે.

મળતી વિગતો પ્રમાણે જિલ્લામાં ૨૦ ઓગષ્ટ સુધીમાં એક લાખ ૧૩ હજાર હેક્ટર કરતાં વધુ વિસ્તારમાં ખરીફ વાવણીની કામગીરી સંપન્ન થઈ ચુકી છે.

મળતી વિગતો પ્રમાણે જિલ્લામાં ડાંગરની ખેતી આ વર્ષે ૧૧,૪૫૨ હેક્ટરમાં થઈ છે. જે છેલ્લા ત્રણ વર્ષના વિસ્તાર કરતાં ૨૦૦ હેક્ટરમાં વધુ નોંધાઈ છે. ચોમાસુ બાજરીના વાવેતરમાં ૨૫૦ હેક્ટર જેટલો ઘટાડો અગાઉના વર્ષોની સરખામણીમાં જોવા મળી રહ્યો છે. આ વખતે ૨૧૬૭ હેક્ટરમાં જ બાજરીની ખેતી થઈ છે.

કઠોળ પાકો તુવેર ૧૮ હેક્ટરમાં, મગ ૧૨૫૧ હેક્ટરમાં, મઠ ૧૬૮ હેક્ટરમાં અને અડદનું વાવેતર ૧૮૮ હેક્ટરમાં થયુ છે. આમ કઠોળ પાકોના વાવેતર વિસ્તારમાં પણ અગાઉના વર્ષોની સાથે તુલના કરતાં તેમાં ઘટાડો જોવા મળી રહ્યો છે.

મગફળીનું આ વર્ષે વિક્રમી વાવેતર થયુ છે. મગફળીનું ૧૩,૩૩૨ હેક્ટરમાં, તલનું ૧૩૨ હેક્ટરમાં, સોયાબીનનું ૭૬ હેક્ટરમાં અને દિવેલાનું વાવેતર ૧૩,૦૯૬ હેક્ટરમાં નોંધાયુ છે. ગુવારનું વાવેતર પણ ૪૩૦૦ હેક્ટરમાં થયુ છે. કપાસનું વાવેતર ૧૭ હજાર હેક્ટરમાં નોંધાયુ છે.

શાકભાજીનુ વાવેતર ૧૨૦૦ હેક્ટરમાં થવા પામ્યુ છે. જ્યારે ઘાસચારાનું વાવેતર ૩૪ હજાર હેક્ટરમાં થયુ છે.

જિલ્લામાં ખરીફ વાવણીનું આગવુ સ્થાન છે. જિલ્લામાં એક લાખ ૪૦ હજાર હેક્ટર વિસ્તારમાં આ વાવણી થતી હોય છે. હવે આ ખરીફ વાવણીનો અંતિમ તબક્કો ચાલી રહ્યો છે. દિવેલા, શાકભાજી તેમજ ગુવારના વાવેતર વિસ્તારમાં વધારો થશે તેમ મનાઈ રહ્યું છે.

સૈન્ય વિકલ્પ

● અનુસંધાન પહેલાનું ચાલુ

જો એલએસી પર અગાઉની સ્થિતિ ફરીથી સ્થાપિત કરવાની કોશિષ સફળ થતી નથી તો સૈન્ય કાર્યવાહી માટે રક્ષા સર્વિસીસ હંમેશા તૈયાર રહે છે.

જનરલ રાવત ત્રણ વર્ષ પહેલાં આર્મી ચીફ હતા ત્યારે ચીને ડોકલામમાં ઘૂસણખોરી કરી હતી. તેમણે ગુપ્તચર એજન્સીઓની વચ્ચે સંકલનના અભાવને નકારી દીધો છે. જનરલ રાવતે કહ્યું કે ભારતની એટલી લાંબી સરહદ છે કે તેના પર સતત દેખરેખ રાખવાની જરૂર પડે છે. તેમણે કહ્યું કે મલ્ટી-એજન્સી સેન્ટરની દરરોજ મીટિંગ થઈ રહી છે. એકબીજાને લદ્દાખ અને અન્ય સ્થળોની માહિતી આપવામાં આવી રહી છે.

અનેક તબક્કાની વાટાઘાટો છતાં પૂર્વી લદ્દાખમાં તણાવ ઓછો થઈ રહ્યો નથી. ભારતીય સેનાનું સ્પષ્ટ વલણ છે કે ચીને એપ્રિલ પહેલાની સ્થિતિને ફરીથી સ્થાપિત કરવી જોઈએ. સૈન્ય સ્તરની વાટાઘાટો ઉપરાંત વિદેશ મંત્રાલય અને બંને દેશોના વર્કિંગ મિકેનિઝમ ફોર કંસલ્ટેશન એન્ડ કો-ઓર્ડિનેશને પણ ચર્ચા કરી છે. બંને પક્ષ કંપલીટ ડિસએંગેજમેન્ટની દિશામાં આગળ વધવા પર વારંવાર સહમત થયા છે પરંતુ જમીન પર અસર થઈ નથી.

આર્મી ચીફ જનરલ મનોજ મુકુંદ નરવણે પણ કહી ચૂકયા છે કે સેના હાઈ એલર્ટ પર છે. ફોરવર્ડ પોસ્ટ્સ માટે સંખ્યાબંધ શસ્ત્રો, દારૂગોળો અને વિન્ટર ગિયર ખરીદી રહ્યું છે. એલએસીની સાથો સાથ ઊંચાઈવાળા કેટલાંક વિસ્તારોમાં શિયાળાના મહિનાઓમાં તાપમાન માઈનસ ૨૫ સેલ્સિયસ સુધીનું થઈ જાય છે. ૧૫ જૂનના રોજ ગલવાન ઘાટીમાં થયેલી હિંસક અથડામણ બાદ બંને પક્ષોની વચ્ચે તણાવ કેટલાંય ગણો વધી ગયો હતો.

કોરોના ટેસ્ટ

● અનુસંધાન પહેલાનું ચાલુ

લાખ ૬ હજાર ૩૪૯ થઈ છે. તેમાંથી ૨૩ લાખ ૩૮ હજાર ૩૬ લોકો સ્વસ્થ થઈ ચૂક્યા છે. જ્યારે દેશમાં અત્યાર સુધીમાં ૫૭ હજાર ૫૪૨ દર્દીઓએ જીવ ગુમાવ્યો છે. દુનિયામાં કોરોના વાઈરસ સંક્રમણના અત્યાર સુધી ૨ કરોડ ૩૫ લાખ ૮૨ હજાર ૯૮૫ દર્દી નોંધાયા છે. જેમાં ૧ કરોડ ૬૦ લાખ ૮૦ હજાર ૪૮૫ દર્દી સાજા થઈ ચુક્યા છે, જ્યારે ૮ લાખ ૧૨ હજાર ૪૮૭ લોકોના મોત થયા છે.

દરમિયાન, ન્યૂઝીલેન્ડના વડાપ્રધાન જેસિંડા આર્ડર્ને સોમવારે ઓકલેન્ડમાં લોકડાઉન એક સપ્તાહ માટે વધારી દીધું છે. લગભગ એક સપ્તાહ પહેલા નવા કેસ નોંધાયા પછી ન્યૂઝીલેન્ડમાં લોકડાઉન લાગુ કરવામાં આવ્યું હતું, જેનો સમય ૨૬ ઓગસ્ટે પુરો થવાનો હતો. જેસિંડાએ કહ્યું કે, આ લેવલ ટૂનું લોકડાઉન હશે. જેમાં લોકો પબ્લિક ટ્રાન્સપોર્ટમાં સફર કરી શકશે, પરંતુ માસ્ક પહેરવું અને સોશિયલ ડિસટન્સીંગનું પાલન કરવું જરૂરી હશે.

અમેરિકાના ફુડ એન્ડ ડ્રગ એડમિનિસ્ટ્રેશન ડિપાર્ટમેન્ટે કોરોના વાઈરસ દર્દીઓની સારવાર માટે બ્લડ પ્લાઝ્માના ઉપયોગની મંજૂરી આપી દીધી છે. ડિપાર્ટમેન્ટ તરફથી ઈમરજન્સીમાં તેના ઉપયોગની મંજૂરી આપનારો આદેશ જાહેર કરાયો છે.